જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૩ / ૦૯ / ૨૦૧૭ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૮૪૬/૧૭**

**શહેરકોટડા પોલીસ સ્ટેશન :**

## રીઢા ચોરને ઘરફોડ ચોરી તથા વાહનચોરીઓના ગુનામા પકડી પાડતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

રીઢો ઘરફોડ ચોરી તથા વાહનચોરીનો આરોપી નિલેષ ખેતાજી ઠાકોર રહે, ગામ ડભોડા તા.જી.ગાંધીનગર નાને ચોરીના મુદ્દામાલ સાથે ઘાટલોડીયા પોલીસ સ્ટેશનમા તા.૦૮/૦૯/૧૭ ના ક.૧૫/૦૦ વાગે સી.આર.પી.સી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી આરોપી પાસેથી મો.સા.નં GJ-01-MX-9150 તથા ગુજરાત પોલીસનુ આઈ કાર્ડ તથા એસ.બી.આઈ. કંપનીનુ એ.ટી.એમ કાર્ડ તથા સ્ટેટ બેન્કનુ ડેબીટ કાર્ડ તથા રોકડા રૂ.૯૮૨૦/- વિગેરે મુદ્દામાલ કબજે કરી આરોપીને વધુ તપાસઅર્થે શહેરકોટડા પોલીસ સ્ટેશનને સોપતા ત.ક.અધિકારી પો.સબ ઇન્સ.શ્રી જે.એ.બારોટ તથા સ્ટાફના માણસોએ શહેરકોટડા પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.એમ.ચૌધરી સા. તથા સે.પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એ.ડી.ગોહીલ સાહેબના માર્ગદર્શન હેઠળ આરોપીની યુક્તી-પ્રયુકતીથી પુછપરછ કરતા આરોપીએ ઘાટલોડીયા પોલીસ સ્ટેશનની પોલીસ સમક્ષ ખોટુ નામ સરનામુ જણાવેલાની હકીકત જાણવા મળેલ અને આરોપીનુ સાચુ નામ ઠામ વિપુલ ઉર્ફે નીલ સ/ઓ વિષ્ણુભાઇ પરમાર ઉ.વ.૨૭ રહે, બંસીની ચાલી મ.નં.૧૪૧ અશોકમીલની સામે નરોડા રોડ અમદાવાદ શહેર મુળ ગામ કડાદરા તા.દહેગામ જી.ગાંધીનગરનો હોવાનુ જાણવા મળતા આરોપીને શહેરકોટડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૧૬૪/૧૭ ના ગુનામા અટક કરી આરોપીએ પોલીસ સમક્ષ પોતાનુ ખોટુ નામ સરનામુ ધારણ કરેલ હોય આરોપી વિરુધ્ધમા શહેરકોટડા પોલીસ સ્ટેશનમા સી.આર.પી.સી.કલમ ૪૨ મુજબ ફરીયાદ દાખલ કરવામા આવેલ હતી અને આરોપીને નામદાર કોર્ટમા રજુ કરી આરોપીને દિન-૩ના પોલીસ કસ્ટડી રીમાન્ડ ઉપર મેળવી તપાસ દરમ્યાન આરોપીએ નીચે મુજબ વધુ ચોરીઓની કબુલાત કરેલ હતી જેમા........

**નં-૧** એક સફેદ કલરની એક્ટીવા નંબર GJ-01-SL-9322ની નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ પાયલ નગર ગાર્ડન પાસેથી આજથી આશરે દોઢ માસ પહેલા આરોપીએ ડુપ્લીકેટ ચાવીથી ખોલી ચોરી કરેલાની કબુલાત કરેલ જે એક્ટીવા ચોરી બાબતેનો ગુનો નરોડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૨૨૨/૧૭ ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબ નોંધાયેલ હતો જે એક્ટીવા કિ.રૂ.૨૦,૦૦૦/- ગણી રિક્વર કરી ગુનો ડિટેક્ટ કરેલ હતો.

**નં-૨** એક ગ્રે કલરની એક્ટીવા નંબર વગરની બાપુનગર ભીડ ભંજન હનુમાન મંદીર સામે આવેલ ચંન્દ્રબાગ સોસાયટી ખાતેથી આજથી આશરે સવા વર્ષ પહેલા આરોપીએ ડુપ્લીકેટ ચાવીથી ખોલી ચોરી કરેલાની કબુલાત કરેલ હતી જે એક્ટીવા ચોરી બાબતેનો ગુનો બાપુનગર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૧૧/૧૭ ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબનો નોંધાયેલ હતો જે એક્ટીવા કિ.રૂ.૫૧,૦૦૦/ ગણી રિક્વર કરી ગુનો ડિટેક્ટ કરેલ હતો.

**નં-૩** એક પેશન મો.સા. આજથી આશરે દોઢેક વર્ષ પહેલા નરોડા રોડ બુધ્ધનગર સોસાયટી ખાતેથી આરોપીએ ડુપ્લીકેટ ચાવીથી ખોલી ચોરી કરેલ જે બાબતે શહેરકોટડા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૪૩/૧૬ ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હતો જે અનડિટેક્ટ ગુનો પણ ડિટેક્ટ કરેલ હતો.

**નં-૪** એક બજાજ પ્લેટીના મો.સા. કાળા કલરની આજથી આશરે સવા વર્ષ પહેલા સૈજપુર બોઘા જી.ડી.રોડ લાભ

એપાર્ટમેન્ટના પાર્કીંગ ખાતેથી આરોપીએ ડુપ્લીકેટ ચાવીથી ખોલી ચોરી કરેલ જે બાબતે શહેરકોટડા પો.સ્ટે ફ.ગુ.ર.નં.૧૪૪/૧૭ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ હતો જે અનડિટેક્ટ ગુનો ડિટેક્ટ કરેલ હતો.

આરોપી પાસેથી મુદ્દામાલમા એક બેગ મળી આવેલ જેમા કપડા તથા રોજીંદા વપરાશનો સામાન તેમજ મોટરસાયકલ/એક્ટીવાની માસ્ટર કી નંગ-૫ (ચાવીઓ) તેમજ ઉપરોક્ત વાહનો મળી કુલ્લે કિ.રૂ.૭૧,૦૦૦/- નો મુદ્દામાલ કબજે કરવામા આવેલ હતો.

આરોપીની વધુ પુછપરછ કરતા આરોપી એપ્રીલ/૨૦૧૭મા ચોરીના મો.સા. સાથે અડાલજ પોલીસ સ્ટેશનમાં પકડાયેલ હોય તે વખતે પણ પોતાનુ ખોટુ નામ સરનામુ નિલેષ ખેતાજી ઠાકોર રહે. ગામ. ડભોડા તા.જી.ગાંધીનગર નાનુ લખાવેલ હતુ સદર મો.સા.ની ચોરી બાબતેનો ગુનો મેઘાણીનગર પોલીસ સ્ટેશનમા ફ.ગુ.ર.નં. ૪૭/૧૭ ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબનો દાખલ થયેલ હોય સદર આરોપીને વધુ તપાસ સારૂ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે સોંપતા ત્યાં પણ આરોપીએ પોતાનુ ખોટુ નામ સરનામુ લખાવેલ હતુ બાદ ચોરીના ગુનામા નામદાર કોર્ટ માંથી અઢી માસ સેંટ્રલ જેલમા રહ્યા બાદ જામીન ઉપર છુટી ફરીથી ઘરફોડ ચોરી તથા વાહન ચોરીના ગુનાઓ આચરવાનુ ચાલુ કરેલ હતુ આરોપી જામીન મુક્ત થયા બાદ નરોડા રોડ સી કોલોની ખાતે રહેતા અને ટ્રાફીક શાખામા ડી, ડીવીઝન પોલીસ સ્ટેશનમા પો.કોન્સ.તરીકે ફરજ બજાવતા ફરીયાદી શ્રી પંકજભાઇ માધાભાઇ રાઠોડ નાઓના મકાનમા પ્રવેશ કરી સેમસંગ મોબાઇલ ફોન ૧ કી.રૂ. ૧૦૦૦/- રોકડા રૂ.૧૦,૫૦૦/- ફરી.નુ ડ્રાઇવીંગ લાયસન્સ, એસ.બી.આઇ.બેંકના એ.ટી.એમ કાર્ડનંગ ૨,પોલીસનુ ઓળખ કાર્ડ, હેલ્મેટ તથા હોંડા ડ્રીમ યુગા મો.સા. નં.GJ-01-MA-9150 કી.રૂ.૫૦,૦૦૦/-મળી કુલ્લે કી.રૂ.૬૧,૫૦૦/-ની ઘરફોડ ચોરી કરેલ હતી જેમાંથી સેમસંગ મોબાઇલ ફોન, ડ્રાઇવિંગ લાયસન્સ તેમજ હેલ્મેટ સદર અરોપીએ નરોડા ખારીકટ કેનાલમા નાખી દેતા સદર ગુનામા આરોપી વિરૂધ્ધમાં ઇ.પી.કો.કલમ ૨૦૧ નો પણ ઉમેરો કરવામાં આવેલ હતો તેમજ.........

સદર આરોપીની વધુ પુછ-પરછ કરતા તેને વાઇટનર, ગાંજો ચરસનો નશો કરવાની ટેવ પડી ગયેલ હોય તેના પિતા વિષ્ણુભાઇ ભવાનભાઇ પરમાર નઓએ ઘરની બહાર કાઢી મુકેલ હતો જેથી પોતાનુ જીવન નિર્વાહ કરવા માટે તેમજ નશો કરવા માટે ઘરફોડ ચોરી તેમજ વાહન ચોરીના રવાડે ચઢી ગયેલ હતો તેમજ સદર આરોપી સગીર વયનો હતો ત્યારથી એટલે કે છેલ્લા સાત વર્ષથી ચોરીઓ કરતો હતો અને કોઇ પણ પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનામાં પકડાયતો પોલીસ પોતાની સધન પુછ પરછ ન કરે કે રિમાન્ડ ન માંગે તે સારૂ પોતાને નશો કરવાની આદતના કારણે બેભાન થવાનો ડોળ કરતો હતો અને મેડીકલ ટ્રીટમેન્ટમા જવાની માંગણી કરતો હતો.

સદર આરોપીનો ભુતકાળ તપાસવામા આવતા ઘરફોડ ચોરી તથા વાહન ચોરીના નીચે મુજબના ગુનાઓ કરેલાની માહીતી જાણવા મળેલ હતી.

(૧) બાપુનગર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૩૬૦/૧૦ ઈ.પી.કો કલમ ૪૫૭, ૩૮૦ મુજબ
(૨) શહેરકોટડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં ૩૦૮/૧૨ ઈ.પી.કો કલમ ૩૮૦, ૧૧૪ મુજબ
(૩) નરોડા પો.સ્ટે. ૬૦૦/૧૩ ઈ.પી.કો કલમ ૩૮૦ મુજબ
(૪) નરોડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં ૬૭૭/૧૩ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ
(૫) નરોડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં ૬૭૫/૧૩ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ
(૬) નરોડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં ૬૬૭/૧૩ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ
(૭) નરોડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં ૪૮૬/૧૩ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ












નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.